# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-07-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

-------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# RAIN OVERALL

રાજ્યમાં આજે પણ વરસાદ ચાલુ રહેતા કેટલાક જિલ્લાઓમાં જનજીવન અને વાહનવ્યવહારને અસર પહોંચી છે. સિઝનનો વરસાદ 52.03 ટકા પહોંચ્યો.

રાજ્યમાં આજે સવારે 6 વાગ્યા સુધીમાં કુલ 472.85 મિમી સરેરાશ વરસાદ નોંધાયો, જે સિઝનના સરેરાશ વરસાદના 52.03 ટકા જેટલો છે. સાંભળીએ એક અહેવાલ...

(V/C : DURGESH MAHETA)

# BRTS – AMTS

અમદાવાદ જિલ્લા અને શહેરમાં છેલ્લા બે દિવસ દરમિયાન પડેલા અતિભારે વરસાદ વચ્ચે BRTS અને AMTSએ મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સેવા જાળવી રાખી હતી.

BRTSની બસ સેવાઓ દરરોજ સવારે 6:00 વાગ્યાથી રાત્રે 11:00 વાગ્યા સુધી નિયમિત રીતે સંચાલિત કરવામાં આવી હતી, જ્યારે અમદાવાદ જનમાર્ગ લિમિટેડ (AJL)ની ફિલ્ડ ટીમો સમગ્ર વરસાદી પરિસ્થિતિ દરમિયાન સતત મેદાનમાં તૈનાત રહી માર્ગોની સ્થિતિ પર નજર રાખી રહી હતી.

દરમિયાન આ સમગ્ર કામગીરી દરમિયાન એક સ્થળે ઇલેક્ટ્રિક સ્પાર્કિંગની ઘટના સર્જાતા ફરજ પરના સુરક્ષા કર્મચારીએ ફાયર એક્સ્ટિંગ્વિશરનો ઉપયોગ કરીને તાત્કાલિક આગની શક્યતા ટાળી દીધી હતી.

# FIRE

અમદાવાદ શહેરમાં વરસાદી પરિસ્થિતિ દરમિયાન નાગરિકોની સુરક્ષા અને તાત્કાલિક સેવા સુનિશ્ચિત કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર એન્ડ ઇમર્જન્સી સર્વિસિસ વિભાગે સતત સતર્ક રહી કામગીરી હાથ ધરી હતી. આજરોજ મધરાત્રીથી સવારના 8 વાગ્યા સુધીમાં વિભાગને કુલ 8 ઇમર્જન્સી કોલ પ્રાપ્ત થયા હતા, જેમાં તમામ સ્થળોએ ફાયર ટીમોએ ત્વરિત પ્રતિસાદ આપી જરૂરી કામગીરી પૂર્ણ કરી હતી.

આ સમયગાળા દરમિયાન વિભાગને 5 ફાયર કોલ, 2 વૃક્ષ કોલ તથા 1 રેસ્ક્યુ કોલ મળ્યા હતા. જ્યારે સ્ટ્રક્ચર કોલેપ્સની એક પણ ઘટના નોંધાઈ નહોતી.

# AMC RAIN WORK

અમદાવાદ શહેરમાં પડેલા ભારે વરસાદના પગલે સર્જાયેલી પાણી ભરાવાની સ્થિતિને ધ્યાનમાં રાખી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના વિવિધ ઝોનમાં યુદ્ધના ધોરણે પાણીના નિકાલની કામગીરી હાથ ધરવામાં આવી છે. આજે સવારે 6 વાગ્યાની સ્થિતિ મુજબ શહેરના કુલ 10 વોર્ડના 20 વોટરલોગિંગ સ્થળો પર AMCની 24 ટીમો સતત કામગીરી કરી રહી છે. પાણીનો ઝડપી નિકાલ થાય તે માટે શહેરભરમાં કુલ 141 કેચપિટ અને 85 મેનહોલ ખોલવામાં આવ્યા છે, જેના પરિણામે વરસાદી પાણીના નિકાલની કામગીરી વધુ અસરકારક રીતે કરવામાં આવી રહી છે.

# RAIN BANASKANTHA

બનાસકાંઠા જિલ્લાના દિયોદર, ભાભર, થરાદ, સુઈગામ, ધરણીધર તાલુકાઓમાં છેલ્લાં 24 કલાકમાં 5 ઇંચ થી લઈ 12 ઇંચ વરસાદ નોંધાયો છે, આ તરફ અંબાજી, હડાદ, દાંતીવાડા, ડીસા, ઓગડ તાલુકામાં પણ 5 ઇંચ કરતા વધારે વરસાદ નોંધાયો હતો. આ અંગે વધુ માહિતી આપે છે અમારા પ્રતિનિધિ...

(V/C : SAVAJI CHAUDHARY)

# RAIN DISTRICTS

રાજ્યભરમાં વરસાદી માહોલ સર્જાયો છે. ત્યારે સુરેન્દ્રનગરના પાટડી તાલુકાના કોચાડા ગામે પાણીમાં ફસાયેલા 6 લોકોને બચાવ અભિયાન હાથ ધરી સલામત બહાર કાઢવામાં આવ્યા. અમારા સુરેન્દ્રનગરના પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે ધોળી ધજા ડેમ 100 ટકા ભરાતા નિચાણવાળા વિસ્તારોને ચેતવણી આપવામાં આવી છે અને 200 થી વધુ લોકોનું સ્થળાંતર કરાયું. તો તાપી જિલ્લામાં છેલ્લા 24 કલાક દરમિયાન સરેરાશ 46 મીમી વરસાદ નોંધાયો હતો.જ્યારે કચ્છમાં ગત રાત્રીથી સર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. મહેસાણાના ઊંઝા શહેરના ઉમિયાનગરમાં  વરસાદને કારણે એક વૃક્ષ ધારાશાઈ થતા એક મહિલાનું મોત જ્યારે અમરેલીના લાઠી તાલુકામાં બે જુદી જુદી ઘટનામાં બે વ્યક્તિનું તણાઈ જવાથી મોત થયાના અહેવાલ છે.

# DHARMENDRA PRADHAN

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપી દીધું છે અને આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પોતાનું રાજીનામું સુપરત કર્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લાં કેટલાંય દિવસોથી NEET પરીક્ષા પેપર લીક મુદ્દે દિલ્લીના જંતર મંતરમાં ચાલી રહેલ આંદોલનકારીઓએ ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી હતી.